# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-12-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Monday** **Regional News**

1) આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી** રાજ્યભરમાં SIR હેઠળ ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં.
2) લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલના 75મા નિર્વાણદિને રાજયમાં અનેકવિધ સ્થળોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.
3) સરદાર પટેલ યુનિવર્સિટીના ૬૮મા પદવીદાન સમારોહ માં રાજયપાલે નવા પદવીધારકોને જ્ઞાનનો ઉપયોગ વિશ્વના કલ્યાણ માટે કરવા અનુરોધ કર્યો.
4) અમૂલ ડેરીના ચેરમેન પદે શોભેસિંહ પરમાર અને વાઇસ ચેરમેન પદે વિજય પટેલની બિન હરીફ વરણી.
5) ગુજટેક 2026 પરીક્ષાનું ઓનલાઇન આવેદનપત્ર બોર્ડની વેબસાઇટ પરથી આવતીકાલથી 30મી ડિસેમ્બર સુધી ભરી શકાશે.
6) અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ સ્પર્ધા આવતીકાલથી 22 ડિસેમ્બર દરમિયાન ગાંધીનગર ખાતે યોજાશે.

---------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## SIR GUJ

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. SIRની જાહેરાત બાદથી જ

રાજ્યભરમાં 5.08 કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ જે નાગરિકોના અવસાન, કાયમી સ્થળાંતર, ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે BLO અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું જે 100 ટકા સફળ રહ્યું છે. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે.

5.08 કરોડ ફોર્મ પૈકી ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ યાદીમાં ધ્યાને આવેલી 10.69 લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે છે. રાજ્યના કુલ 33 પૈકી 26 જિલ્લાઓની ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ યાદીમાં શૂન્ય વિસંગતતાઓ છે. જ્યારે અન્ય 07 જિલ્લાઓમાં મળી માત્ર 11 વિસંગતતાઓના કિસ્સામાં ખરાઈની પ્રક્રિયા પ્રગતિમાં છે.

## Somnath Sardar Patel Nirvana Day

રાષ્ટ્રીય એકતાના શિલ્પી અને આધુનિક ભારતના નિર્માતા સરદાર પટેલના 75મા નિર્વાણદિન નિમિતે રાજયમાં અનેકવિધ સ્થળોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. રાજયપાલ, આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સહિતના અગ્રણીઓએ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

પ્રથમ જયોર્તિલીંગ સોમનાથ મંદિરે સરદાર પટેલની પ્રતિમાને ટ્રસ્ટના અધિકારીઓ અને તીર્થપુરોહિતો દ્વારા મંત્રોચ્ચાર સાથે ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અંગે સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ પ્રસંગે સરદાર

પટેલના રાષ્ટ્રનિર્માણ અને સોમનાથ મંદિરના પુનઃનિર્માણ માટેના અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું.

(બાઇટ- વિજયસિંહ ચાવડા. સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર)

## 68th Convocation Ceremony of Sardar Patel University

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ નવા પદવીધારકોને પોતાના જ્ઞાનનો ઉપયોગ વિશ્વના કલ્યાણ અને ભલાઈ માટે કરવા અનુરોધ કર્યો હતો.

વલ્લભ વિદ્યાનગર ખાતે સરદાર પટેલ યુનિવર્સિટીના ૬૮મા પદવીદાન સમારોહ આજે રાજયપાલે આ મુજબ જણાવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને @૨૦૪૭ સુધી વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પને સાકાર કરવા યુવાનો સહિત નાગરિકો પોતાના અધિકાર સાથે ફરજોનું પણ ઈમાનદારીથી પાલન કરી સહયોગ આપવા રાજયપાલે જણાવ્યું હતું.

(બાઇટ-રાજયપાલ, આચાર્ય દેવવ્રતજી)

આ સમારોહમાં રાજયપાલે વિવિધ વિદ્યાશાખાના ૧૬ હજાર ૯૬૩ વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતકની પદવી તથા ૭૫ તેજસ્વી વિદ્યાર્થીઓને ૧૦૩ સુવર્ણચંદ્રક એનાયત કર્યા હતા. રાજ્યપાલે ૨૨ ભારતીય અને ૩૦ આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં તૈયાર કરવામાં આવનાર સરદાર યુનિટી ક્વિઝનુ ડીઝીટલી અનાવરણ કર્યું હતું.

પૂજ્ય દીદીજી શ્રીમતી જયશ્રી ઉર્ફે ધનશ્રી આઠવલે તલવલકરને તેમ જ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અને અનુપમ મિશનના સ્થાપક જશભાઈ શંકરભાઈ પટેલને રાજયપાલના હસ્તે આધ્યાત્મિક અને સામાજિક યોગદાન બદલ D.Litt. માનદ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલે દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર પટેલને શ્રધાંજલિ અર્પણ કરી હતી.

દીક્ષાંત પ્રવચન આપતા રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમના ચેરમેન ડો. મિનેશ શાહે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ દ્વારા ફળ ,શાકભાજી અને અન્ય કૃષિ ઉત્પાદનો વેચાણ માટે અમૂલ મોડલ લાગુ કરવામાં આવી રહ્યું છે.

(બાઇટ- ડો. મિનેશ શાહ, રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમના ચેરમેન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગા મ્યુઝિક)

## Amul Dairy Chairman Election

આણંદની અમૂલ ડેરીના ચેરમેન અને વાઇસ ચેરમેન માટે આજે ચૂંટણી યોજાઇ હતી. જેમાં શોભેસિંહ પરમારની ચેરમેનપદે અને વાઇસ ચેરમેનપદે વિજય ફૂલાભાઇ પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી છે.

અમારા આણંદના પ્રતિનિધિ જણાવે છે કે અમૂલ ડેરીના કુલ નિયામક મંડળમાં 13 બ્લોક પૈકી 11 બ્લોકમાં ભાજપે કબ્જો જમાવ્યો છે. ભાજપ સંસદિય બોર્ડમાંથી આજે સવારે અમદાવાદના સહકારી આગેવાન બિપીન પટેલ મેન્ડેટ લઇને આણંદ આવી પહોંચ્યા હતા. જેમણે ચૂંટાયેલા સભ્યોને મેન્ડેટ આપ્યા હતા.

## CM 3 Year Health Plan

રાજયમાં છેલ્લા ૩ વર્ષમાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમમાં સાડા ચાર કરોડથી વધુ બાળકોએ ભાગ લીધો છે. આ અંગે સાંભળીએ અહેવાલ..

(વોઇસ કાસ્ટ)

*મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના ૩ વર્ષમાં ગુજરાતની વિકાસયાત્રાને નવી ગતિ મળી છે. આ ૩ વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના પ્રતીક બન્યા છે. આ ૩ વર્ષમાં શાળા આરોગ્ય બાળ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના હેઠળ આરોગ્યને લગતી*

*જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના નાગરિકો સુધી પહોંચી છે. જેના ભાગરૂપે 45 હજારથી વધુ બાળકોને હૃદય સંબંધિત સર્જરી અને સારવાર, 4 હજાર 148 કીડની, 2 હજાર 335 કલમફૂટ, 1 હજાર 8 કલેફ્ટ લીપ પેલેટ, 692 કેન્સર રોગની, 751 કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જરી, 42 કીડની ટ્રાન્સપ્લાન્ટ, 23 બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તેમજ 12 બાળકોના લીવર ટ્રાન્સપ્લાન્ટની સર્જરી કરવામાં આવી છે.*

*રાજયમાં આ યોજના હેઠળ જીલ્લાકક્ષાએ બાળકોના નિદાન, અને સારવાર માટે 24 ડીસ્ટ્રીકટ અર્લી ઇન્ટરવેશન સેન્ટર – ડીઆઇઇસી શરૂ કરવામાં આવ્યા છે. 992 આરબીએસ કે મોબાઇલ હેલ્થ ટીમો કાર્યરત છે. અજય ઇન્દ્રેકર, આકાશવાણી, સમાચાર, અમદાવાદ.*

## GUJCAT 2026

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડીગ્રી એન્જનિયરીંગ, ડીગ્રી ડિપ્લોમા અને ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા વિજ્ઞાન પ્રવાહના ગૃપ-એ, બી અને ગૃપ-એબીના માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજટેક 2026 પરીક્ષાનું ઓનલાઇન આવેદનપત્ર બોર્ડની વેબસાઇટ www.gseb.org તથા gujset.gseb.org પરથી આવતીકાલથી 30મી ડીસેંબર સુધી ભરી શકાશે. જેની પરીક્ષા ફી 350 રૂપિયા એસબીઆઇ પેય સિસ્ટમ મારફતે ઓનલાઇન ભરી શકાશે.

## All India Civil Service Loan Tennis Competition

રાજ્ય સરકાર દ્વારા અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ સ્પર્ધા વર્ષ ૨૦૨૫-૨૬ આવતીકાલથી 22 ડિસેમ્બર દરમિયાન ગાંધીનગર ખાતે યોજાશે. આ સ્પર્ધાનો ઉદ્દઘાટન સમારોહ સચિવાલય જીમખાના ,સેકટર-૨૧, ગાંધીનગર ખાતે સરકારના મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસની ઉપસ્થિતિમાં યોજાશે.

## Gogo Paper - Narcotic

અમદાવાદ શહેરમાં નશાકારક ગોગો પેપર તેમજ માદકદ્રવ્યોથી યુવાનોને દૂર રહેવા માટે એસઓજી પોલીસે વિનંતી કરી છે.

એસઓજી પેલીસના જણાવ્યા મુજબહ ગોગો પેપર અને માદક પદાર્થો યુવાપેઢીને બરબાદ કરી શકે છે. જેથી આ બદીથી યુવાનો દૂર રહે.

(બાઇટ-એસઓજી પોલીસ)

## Brahma Kumaris Diamond Anniversary Celebration

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના હીરક જયંતિ મહોત્સવ નિમિતે આગામી 21મી ડીસેંબરે અમદાવાદમાં “શાંતિ અનૂભૂતિ દિવ્ય સમારોહ” યોજાશે.

બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના ડાયરેકટર રાજયોગીની ભારતી દીદીએ જણાવ્યું છે કે, 21 ડીસેંબરે વિશ્વ મેડીટેશન દિવસ નિમિત્તે સાંજે 4 વાગ્યે ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં આ સમારોહ યોજાશે. જેમાં 60 હજારથી વધુ રાજયોગી બ્રહ્માકુમાર ભાઇબહેનો સામૂહિક મેડીટેશન કરશે. વિવિધ સાત મૂલ્ય આધારિત સપ્તરંગી ગીત, સંગીત, કલા અને સંસ્કૃતિના અનોખા સંગમ સમારોહમાં 100થી વધુ કલાકારો આદ્યાત્મિક કલાકૃતિઓ રજૂ કરશે. સમારોહ બ્રહ્માકુમારીઝ મુખ્યાલય માઉન્ટ આબુના સહમુખ્ય પ્રશાસિકા રાજયોગીની જયંતિ દીદીની અધ્યક્ષતામાં યોજાશે. જેમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નિરજા ગુપ્તા અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જી.એસ.મલિક, આફ્રિકા ખંડના ડાયરેકટર બ્રહ્માકુમારી વેદાંતિબેન ઉપસ્થિત રહેશે.